ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૩૨.૨ ડીગ્રી
લઘુતમ : ૧૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૩૬ ટકા

# અનિયમિત અને અપુરતા વેતન મામલે મનપાના સફાઈ કામદારોની હડતાલ

## લેબર એજન્સી નિયત લઘુત્તમ વેતન અને બેંક ખાતામાં પગાર ચુકવતી નહી હોવાની ફરિયાદ : ચુંટણી મુદ્દો બને તે પહેલાં કામદારોને સમજાવી લેવાયાં

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર મહાનગરપાલિકાનું સફાઈ કર્મચારીએ આજે અપુરતા વેતન સહિતના પડતર પ્રશ્નોને સંદર્ભે દેખાવો યોજ્યાં હતાં. સફાઈ કર્મચારીઓની ફરિયાદ છે કે સફાઈ કાર્ય સંભાળતી એજન્સીએ નિયમ મુજબ દરેક સફાઈ કામદારને તેમના નિયત લઘુત્તમ વેતન બેંક ખાતામાં જમા આપવાનું હોય છે જે બંને નિયમોનું ઉલ્લંઘન કરી રહી છે. આ બાબતે રજુઆત કરવા છતાં એજન્સી સામે સત્તાધિશોએ કોઈ પગલાં નહીં ભરતા અંતે સફાઈ કામદારો હડતાલ પર ઉતર્યા હતા.



સમગ્ર મામલે પ્રાપ્ત માહિતી મુજબ આજે સવારે સેકટર-૨ ખાતે ફરજ બજાવતાં મનપાની આઉટસોર્સિંગ એજન્સીના સફાઈ કામદારો હડતાલ પર ઉતર્યા હતા. સફાઈ કામદારોને વેતન ચૂકવવામાં થતા વિલંબ તેમજ પગાર બેંક ખાતામાં જમા નહીં કરવા બાબતે તેઓ અગાઉ અનેક વખત સત્તાધિશોને રજૂઆત કરી ચૂક્યા હતાં પરંતુ તેમના દ્વારા કોઈ પગલાં નહીં લેવાતા આખરે તેમણે હડતાલનું શસ્ત્ર ઉગામ્યુ હતું. સફાઈ કામદારોના જણાવ્યા મુજબ એજન્સી દ્વારા તેમને લઘુત્તમ વેતન ધારા મુજબ વેતન ચુકવાતું નથી તેમજ પીએફ કે ઈએસઆઈએસના નિયમોનું પાલન પણ થતું નથી. આ સમગ્ર મુદ્દે તેઓ અગાઉ મનપાના સત્તાધિશો સામે અનેક વખત રજૂઆતો કરી ચુક્યા છે તેમ છતાં તંત્ર દ્વારા કોઈ પગલાં લેવાયાં નથી. સફાઈ કામદારોને લઘુતમ વેતન કરતાં પણ ઓછો પગાર ચૂકવતી લેબર એજન્સી દ્વારા વારંવાર પગારની ચૂકવણીમાં પણ વિલંબ થતો હોવાનું જણાવીને કામદારો રોષે ભરાયાં હતાં. અત્યારે ગાંધીનગર મનપાની ચૂંટણીઓ ઢૂંકડી છે ત્યારે કામદારોની હડતાલના પગલે અધિકારીઓ સાથે નેતાઓ પણ દોડી આવ્યા હતા અને સફાઈ કામદારોને સમજાવી ફરી કામે ચડાવ્યાં હતાં.



'આયા રે ખીલૌનેવાલા, ખેલ ખીલૌને લાયા રે....' ચકરડી, ફુગ્ગા, પીપુંડાં જેવા બાળકોના જાતભાતના રમકડાં લઈ શેરીએ શેરીએ ફરતા ફેરીયાઓ હવે જવલ્લે જ જોવા મળે છે. વળી, આજકાલના આધુનિક બાળકોને આવા રમકડાંઓના બદલે ઓનલાઈન ગેમ અને આધુનિક ટેકનોલોજીવાળા રમકડાંઓ વધુ આકર્ષે છે. આવા જ રમકડાં લઈને સેકટરે સેકટરે ફરતા આ કાકા બાળકોની ઘરાકીની રાહ જોઈ રહ્યા છે.

# બોરીજ સર્કિટ હાઉસ પાછળ ચમનપુરામાં ૪૫ હજારની ઘરફોડ

## પતરાનો હુક તોડી પતરુ ખસેડીને અંદર પ્રવેશી તિજોરીમાંથી ચાંદીના દાગીના લઈ ચોર શખ્સો ફરાર

ગાંધીનગર, તા.૧૧

બોરીજ સર્કિટ હાઉસ પાછળ આવેલા ચમનપુરા ખાતે મકાનમાંથી રૂ.૪૫ હજારની ચોરી થવા પામી છે. ચોર ઈસમો પતરાનો હુક તોડી પતરૂ ખસેડી અંદર પ્રવેશીને તિજોરીમાંથી ચાંદીના દાગીના લઈ જતા રહ્યા છે. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ચોર ઈસમોને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

સુત્રો પાસેથી મળતી વિગત મુજબ જ માર્ગ પર સર્કિટ હાઉસ પાછળના ભાગે આવેલા ચમનપુરા ખાતે રહેતા મનુભાઈ ચુનીલાલ દંતાણી (ઉં.૪૫ હાલ રહે. જુના સચિવાલય મીનાબજાર) શાકભાજીનો વેપાર કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત તા.૮ ના રોજ સવારે ફરીયાદી અને તેમના પત્ની ઘરને લોક મારીને જુના સચિવાલય ખાતે આવ્યા હતા. તા.૧૦ ના રોજ રાત્રીના પરત ફર્યા હતા. મકાનનું તાળુ તોડીને અંદર ઓરડામાં જોતા સામાન વેરવિખેર હાલતમાં પડ્યો હતો. જયારે તિજોરી ખુલ્લી હતી અને ઘરના પતરાનો હુક તોડી પતરુ ખસોડીને ઘરમાં ચોર શખ્સોએ પ્રવેશ કર્યો હતો. ઘરની તિજોરીમાંથી તસ્કરોએ રૂ.૫ હજારની કિંમતનો ચાંદીનો દોરો, રૂ.૧૮ હજારની કિંમતના ચાંદીના ઝુડા નાના મોટા ત્રણ નંગ, રૂ.૪ હજારની કિંમતનું ચાંદીનુ મંગળસુત્ર, રૂ.૧૮ હજારની કિંમતનું ચાંદીનુ ૨૫૦ ગ્રામનું કડું ચોર શખ્સો લઈ ગયા હતા. ચાંદીના દાગીના અને રોકડ મળી કુલ રૂ.૪૫ હજારની મત્તાની ચોરી કરી ચોર શખ્સો પલાયન થઈ ગયા હતા. ઉલ્લેખનીય છે કે શહેરમાં ઘરફોડ ચોરીના બનાવમાં વધારો થતો જોવા મળી રહ્યો છે. પોલીસ પેટ્રોલીંગ વચ્ચે પણ ચોર શખ્સો ટાર્ગેટ પુરા કરીને સિફતપૂર્વક નીકળી જાય છે.

# એસ.એસ.વી. શાળાનું તંત્ર રાબેતા મુજબ શરૂ



ગાંધીનગર, તા.૧૧

શાળાઓ આશરે છેલ્લા ૧૦ મહિનાથી કોરોનાના કારણે બંધ થઈ ગઈ હતી. જેના કારણે બાળકોના અભ્યાસ પર માઠી અસર થયેલ પણ સૌથી વધારે અસર બોર્ડના વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ પર પડી છે. પરંતુ હવે પરિસ્થિતિમાં સુધારો થતાં સરકારની મંજૂરીથી ધોરણ-૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે શાળા રાબેતા મુજબ શરૂ થઈ ગઈ છે.

જેના અનુસંધાનમાં ગાંધીનગરમાં આવેલી એસ.એસ.વી શાળાના વિદ્યાર્થીઓ સરકારની ગાઈડ લાઈન પ્રમાણે ફરીથી આવીને અભ્યાસ કરવા લાગ્યા છે. ધોરણ-૧૨ સાયન્સના વિદ્યાર્થીઓએ લેબમાં પ્રેક્ટિકલ પણ પોતાની જાતે કરવાની શરૂઆત કરી દીધી છે.

# મહાનગર ભાજપ દ્વારા પંડિત દિનદયાલજીને પુષ્પાંજલિ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૧

ભારતીય જનતા પાર્ટી ગાંધીનગર મહાનગર દ્વારા જનસંઘના સહ સ્થાપક તથા અંત્યોદયનો વિચાર આપનાર પંડિત દિનદયાલ ઉપાધ્યાયજીની પુણ્યતિથિ નિમિત્તે પંડિત દિનદયાલ ચોક, રિલાયન્સ ચાર રસ્તા, કુડાસણ ખાતે આવેલ પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી.





આ કાર્યક્રમમાં ગાંધીનગર દક્ષિણના ધારાસભ્યશ્રી શંભુજી ઠાકોર, ગાંધીનગર મહાનગરના અધ્યક્ષ ઋચિરભાઈ ભટ્ટ, મેયર રીટાબેન પટેલ, મહામંત્રીશ્રીઓ કનુભાઈ દેસાઈ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, ગૌરાંગભાઈ પટેલ, ઉપાધ્યક્ષ ઉરેનભાઈ પટેલ, મંત્રી વાસુદેવ પટેલ, કાર્યાલય મંત્રી નિલેશભાઈ પટેલ, કોર્પોરેટરશ્રીઓ, વોર્ડના પ્રમુખ અને મહામંત્રીશ્રીઓ સહિત મોટી સંખ્યામાં પદાધિકારીઓ અને કાર્યકરોએ ઉપસ્થિત રહી પુષ્પાંજલિ અર્પણ કરી શ્રધ્ધાંજલિ આપી હતી.

આ ઉપરાંત મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ. મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ તથા માન.પ્રદેશ પ્રમુખશ્રી સી.આર.પાટીલ દ્વારા સ્થાનિક સ્વરાજયની ચુંટણીના ઉમેદવારોને સંકલ્પ લેવડાવવાનો તથા ઉદ્‌બોધન નિહાળવાનો કાર્યક્રમ પ્લોટ નં. ૪૭૭/૨, સેક્ટર-૧૩ ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં ઉપસ્થિત ગાંધીનગર મહાનગરના પ્રમુખ ઋચિર ભટ્ટની આગેવાનીમાં સર્વે પદાધિકારીઓ અને કાર્યકરોએ શપથ લીધા હતા.





ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં પ્રિ-પ્રાઈમરી વિભાગના બાળકો દ્વારા આ સપ્તાહ દરમિયાન ફ્રુટ અને વેજીટેબલ ડે ની ઊજવણી કરવામાં આવી. જેમાં વિવિધ શાકભાજી અને ફળોની માહિતી સાથે તેનાથી થતા ફાયદા અને રંગ વિશેની જાણકારી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં બાળકો અને વાલીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.

# ધોળાકુવા ખાતે સ્વચ્છતા જાગૃતિ અંગે શેરી નાટક યોજાયું

ગાંધીનગર, તા.૧૧

સ્વરછ ભારત મિશન અને સ્વરછતા સર્વેક્ષણ અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સ્વરછતા તથા વેસ્ટ મેનેજમેન્ટ વિષયે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. ગુજરાત કાઉન્સિલ ઓન સાયંસ એન્ડ ટેકનોલોજી ગુજરાત સરકાર પ્રેરિત નિસર્ગ સાયંસ સેન્ટર આ કાર્યક્રમમાં સહભાગી બનીને વિવિધ કાર્યક્રમોનું આયોજન કરે છે.





આ અંતર્ગત ગાંધીનગર ધોળાકુવા ગામ ખાતે સ્વરછતા અંગે જાગૃતિ કેળવવા શેરી નાટકનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશ્નર, ડેપ્યુટી કમિશ્નર અને મેયરશ્રીના માર્ગદર્શન નીચે યોજાયેલ આ કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓ તથા ગ્રામજનો મોટી સંખ્યામાં ભાગ લીધો હતો . 'ગંદકીનો રાક્ષસ' નામના આ શેરી નાટકે ખુબ રંગ જમાવ્યો હતો શહેરના જાણીતા પત્રકાર અને નાટ્યકાર કુંતલ નિમાવતની ટીમે આ શેરી નાટક રજુ કર્યું હતું. નાગરિકો પોતે સ્વરછ રહે ઘર, શેરી અને ગામને સ્વરછ રાખે અને કચરો કચરા પેટીમાંજ નાખે તથા મહાનગરપાલિકા દ્વારા ઘરે ઘરે કચરો લઈ જવાની જે વ્યવસ્થા છે તેમજ કચરો આપે તેવી અપીલ કરવામાં આવી હતી.

આ પ્રસંગે નિસર્ગ સાયંસ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડો.અનીલ પટેલ તથા સાયંસ કો-ઓડીનેટર હાર્દિક મકવાણા શિવાંગ પટેલ અને ધવલ પટેલ અને સેનેટરી ઈન્સ્પેકટર તેજસ ઠાકર વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# સોફ્ટ ટોયઝની આપ-લે કરી વેલેન્ટાઈન ડે ઉજવવા યુવાઓ ઉત્સુક

## શહેરની ગીફ્ટ શોપ અને રસ્તાઓ પર પણ ટેડી વેચાવવાના શરૂ





ગાંધીનગર, તા.૧૧

વેલેન્ટાઈન ડે આવી રહ્યો છે અને આ દિવસે રવિવાર છે. કોલેજો ધીરે ધીરે શરૂ થઈ ગઈ છે અને વિદ્યાર્થીઓ એટલા જ ખુશ હતા કે વેલેન્ટાઈન ડે તથા એ સિવાયના આગળના તમામ ડે દર વર્ષની જેમ કોલેજમાં ઉજવી શકાશે. પરંતુ કોરોનાને કારણે કોલેજમાં પાંખી હાજરી છે સાથે મુખ્ય ૧૪ ફેબ્રુઆરી રવિવારના દિવસે આવવાથી યુવાનો એ પહેલાથી જ વેલેન્ટાઈન ડેની ઉજવણી પ્લાન કરી રહ્યા છે ત્યારે શહેરના માર્કેટમાં પણ મોંઘાદાટ રોઝ અને ટેડીબીયર વેચાઈ રહ્યા છે. સો રૂપિયાનું રોઝ આપવાને બદલે આ વર્ષે યુવાનોએ એકબીજાને ટેડી આપવાનું નક્કી કર્યુ છે. સાથે કોરોનાની મહામારી હજી ધીમે ધીમે ઓછી થઈ રહી છે ત્યારે ટેડીબીયર વેચનાર વેપારીઓ પણ શહેરના રસ્તા પર આવીને ઉભા છે. શહેરની ગીફ્ટ શોપ પર પણ ટેડી પેન, ટેડી ચોકલેટ, હાર્ટ શેપ સોફ્ટ ટોયઝ સાથે અવનવી વસ્તુઓ વેચાઈ રહી છે. ત્યારે શહેરના યુવાઓ સાથે વાત કરતા તેઓ જણાવે છે કે આ વર્ષે અમે ચોકલેટ કે વેલેન્ટાઈનડેના સમયે મળતા મોંઘાદાટ રોઝને બદલે ટેડીબીયર અમારા પ્રિયજનને આપવાનું નક્કી કર્યુ છે અને ટેડીબીયર વેચનાર વેપારી પણ આ વર્ષે મોંઘા નહી પણ અમે ખરીદી શકીએ તેટલો ભાવ લઈને જ ટેડીનું વેચાણ કરી રહ્યા છે. ઉપરાંત સોફ્ટ કુશન પણ એકબીજાને આપી શકાય અને હાર્ટ ટેડી આપવું અમને જરૂરી ન લાગતા સોફ્ટ કોઈ પણ ટેડી અમે ખરીદીશું અને આ વર્ષે અમે અમારા ઘરના નાના બાળકોને પણ ટેડીબીયર આપીને આ દિવસ ઉજવવા માંગીએ છીએ. જેથી કોરોના દરમિયાન ગીફ્ટની આપ-લે ન થતા ગીફ્ટ આપવાનો ટ્રેન્ડ ફરીથી શરૂ કરી શકીએ.

# ગાંધીનગરના ટીંટોડા ગામના ખેડુતો રખડતી ગાયોના ત્રાસથી ત્રાહિમામ

ગાંધીનગર, તા.૧૧

શહેરમાં રખડતી ગાયોના ત્રાસની ફરિયાદો ઘણી સાંભળવા મળે છે પરંતુ હવે ગ્રામ્ય વિસ્તારમાં પણ રખડતી ગાયોનો ત્રાસ સતાવી રહ્યો હોય તેવી ફરિયાદો હવે ઉઠવા પામી રહી છે. ગાંધીનગર તાલુકાના ટીંટોડા ગામના ખેડુતો રખડતી ગાયોના ત્રાસથી ત્રાહિમામ પોકારી ગયા છે આશરે ૪૦થી વધારે ગાયો એક સાથે ગામના ખેડુતોના ઉભા પાકને નુકશાન પંહોચાડે છે જેનાથી બચાવવાની રાવ ટીંટોડાના ખેડૂતોએ નાંખી છે.



અત્યારના મોંઘવારીના સમયમાં ટીંટોડા ગામના ખેડુતોની દશા આમ પણ દયનીય બની ગઈ છે, હાલના સમય મોંઘુ બીયારણ મોંઘુ ખાતર અને મોંઘા પાણી હોવા છતાં ખેડુત પરિવારનું ભરણપોષણ થાય, આર્થિક દ્રષ્ટિએ આગળ આવે અને વાવેલ અનાજનુ સારુ ઉત્પાદન થાય જેથી તેની આવકથી તેના સંતાનોને સારો અભ્યાસ મળી રહે તેવુ વિચારે છે પણ રખડતી ગાયોના ભેલાણને કારણે થઈ રહેલા ભારે નુકસાનથી તેમને મોટા પ્રમાણમાં આર્થિક નુકસાન વેઠવું પડી રહ્યું છે તેમજ આશાઓ અને અપેક્ષાઓ પર પાણી ફરી વળે છે. આ બાબતે જવાબદાર તંત્ર યોગ્ય પગલાં ભરે અને રખડતી ગાયોને પકડીને સારી ગૌશાળામાં મુકી આવવામાં આવે તેવી ટીંટોડા ગામના ખેડુતોમાં માંગ ઉઠવા પામી છે.

## જન્મદિને વધામણી



ક્રિશિવ ધવલ ત્રિવેદી
મો. ૯૮૭૯૧૯૯૭૬૩



જુગલ હાર્દિક જોષી
મો. ૭૦૧૬૭૧૬૯૭૧



નીરવી રવિ પટેલ



પાર્થ રાજાડી
મો. ૮૧૨૮૧૮૧૬૦૪



સોની નીતાબેન જયેન્દ્રભાઈ

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. ઢૈસાણી અંબિકાબેન સાહેબરાય
  ઉ.વ. ૫૭, સે-૧૫, ફતેપુરા
- સ્વ. ઠાકોર બળવંતજી તખુજી
  ઉ.વ. ૪૪, સેકટર-૨૪
- સ્વ. ભાટી શણગારબા શંકરજી
  ઉ.વ. ૭૦, બાલવા, તા. માણસા

● રુદ્રભૂમિ અંતિમધામ ●

- સ્વ. નાયી જીવીબેન ઝવેરભાઈ
  ઉ.વ. ૮૨, રાંદેસણ
- સ્વ. શાહ ધર્મિષ્ઠાબેન રમેશચંદ્ર
  ઉ.વ. ૮૪, કુડાસણ